**કુણધાના બાજીપુરા ફળિયામાં પાયાની સુવિધાના અભાવે સર્જાઈ કરુણ સ્થિતિ**

## એમ્બ્યુલન્સ ન પહોંચતા ખુલ્લામાં પ્રસૂતિ, આશા વર્કરની માનવતાએ બચાવ્યા બે જીવ

(પ્રતિનિધિ) લીમખેડા, તા.17

ડિજિટલ ઈન્ડિયા અને સ્માર્ટ વિલેજની વાતો વચ્ચે દાહોદ જિલ્લાના અંતરિયાળ ગામડાઓમાં પાયાની સુવિધાઓનો અભાવ સામે આવ્યો છે. લીમખેડા તાલુકાના કુણધા ગામે પાકો રસ્તો ન હોવાથી ગર્ભવતી મહિલાને હોસ્પિટલ પહોંચે તે પહેલાં રસ્તા વચ્ચે ખુલ્લામાં જ બાળકને જન્મ આપવો પડ્યો હતો. " "કુણધા ગામના બાજીપુરા ફળિયામાં રહેતા સવિતાબેન રાવતને વહેલી સવારે પ્રસૂતિની અસહ્ય પીડા ઉપડી હતી. પરિવારજનોએ 108 એમ્બ્યુલન્સને ફોન કર્યો અને એમ્બ્યુલન્સ આવી હતી. જેમાં બાજીપુરા ફળિયા સુધી પહોંચે એવો




રસ્તો ન હોવાથી વાહનને ઘણે દૂર ઊભું રાખવાનો વારો આવ્યો હતો. " "જેના પગલે પરિવારજનોએ સવિતાબેનને પકડીને પગપાળા એમ્બ્યુલન્સ તરફ લઈ જવાનું શરૂ કર્યું હતું. પરંતુ રસ્તામાં પ્રસુતાને અચાનક પીડા વધી જતાં સવિતાબેન આગળ ચાલી શક્યા નહીં. પરિણામે ખુલ્લા આકાશ નીચે રસ્તા પર બેસી જવું પડ્યું હતું. ઘટનાની જાણ થતાં આશા વર્કર મેનાબેન કટારા દોડી આવ્યા હતાં અને તેમણે કોઈ આધુનિક સાધન વિના રસ્તા પર જ પ્રસૂતિ પ્રક્રિયા સફળતાપૂર્વક કરાવી હતી. " મેનાબેનની ત્વરિત મદદથી સવિતાબેન અને નવજાત બાળકનો જીવ બચ્યો હતો. પ્રસૂતિ બાદ માતા-બાળકને ઉંચકીને મુખ્ય માર્ગ પર ઊભેલી 108 સુધી પહોંચાડાયા હતાં. બાદમાં લીમખેડા સરકારી હોસ્પિટલ ખસેડ્યા હતાં. જ્યાં બંનેની હાલત સ્વસ્થ છે. ખરેખર સરકારી તંત્ર દ્વારા આવી સેવા ભાવી આશા વર્કર નું સન્માન કરવું જોઈએ જેને પોતાની ફરજ સમજી એક નવજાત શિશુ અને માતા ની સફળતા પુર્વક સુવાવડ કરાવી ને બન્ને નો જીવ બચાવ્યો. આવી જ રીતે સમાજના પ્રત્યેક વ્યક્તિ સેવાકિય કાર્ય કરાવાનો અભિગમ અપનાવે જે એક ગામડાની આશા વર્કર એ કરી બતાવ્યું એ મોટું ઉદાહરણ છે.

## સંજેલી મીનીરણુજા ધામ ખાતે બીજના દિવસે લોકમેળો યોજાયો



(પ્રતિનિધિ) દાહોદ, તા.17

સંજેલી નું પ્રખ્યાત મીનીરણુજા ધામ ખાતે બીજના દિવસે ગુજરાતના ખૂણે ખૂણે થી એમપી, રાજસ્થાન સહિતના ભક્તોનો ભારે ઘસારો સંજેલીનું પ્રખ્યાત મીની રણુજાધામ સંજલી ખાતે ડીજે ની સિસ્ટમ સાથે ભક્તોના હાથમાં પજા લઈ પગપાળા આવતા ભક્તોએ ડીજે સાથે ભારે રમઝટ સાથે રામાપીરના દર્શન કર્યા. અલગ અલગ ડીજેની બ્રાન્ડની સિસ્ટમો ભક્તિમય સોંગ વગાડી સંજેલી તાલુકામાં ભારે ગર્જના ઉઠી. અલખધણી રામદેવ ભગવાનના દર્શન માટે પગપાળા ચાલીને આવતા શ્રદ્ધાળુઓનો બીજના દિવસે મહામેળો યોજાયો.

**જૈન મંદિર-આંગણવાડી સામે ગંદકી ફેલાવનાર સામે પોલીસ ફરિયાદ**

## સિંગવડ ગામના મણિનગરમાં ગંદા પાણીથી રહીશોને રોગચાળોનો ભય

(પ્રતિનિધિ) સિંગવડ, દાહોદ, તા.17

સિંગવડ ગામના મણિનગર અને અંબે માતાના મંદિર વિસ્તારમાં અમુક અસામાજિક તત્વો દ્વારા ગંદા પાણીનો ત્રાસ ફેલાવવામાં આવી રહ્યો છે. આ ઈસમો પોતાના ઘરનું ગંદુ પાણી રોડ પર છોડીને આખા ફળિયામાં ગંદકી પેદા કરી રહ્યા છે. ગ્રામ પંચાયતના તલાટી અને સરપંચ શ્રી દ્વારા આ બાબતે ત્રણ-ત્રણ વખત લેખિત નોટિસ આપવામાં આવી છે. રૂબરૂ મૌખિક સમજાવટ પણ કરવામાં આવી, છતાં આ ઈસમો માન્યા નહીં. ઊલટાનું તલાટી અને સરપંચને ખોટી ધમકી આપવામાં આવી. છેવટે ન છૂટકે તલાટી, સરપંચ અને ગ્રામ પંચાયતની બોડી દ્વારા રણધીપુર પોલીસ સ્ટેશનમાં લેખિત ફરિયાદ નોંધાવવામાં આવી છે. હવે રણધીપુર પોલીસ આ મામલે શું કાર્યવાહી કરે છે તેની કાકડોળે રાહ જોવાઈ રહી છે. સિંગવડ ગ્રામ પંચાયત અને મણિનગરના લોકોને પોલીસ પર વિશ્વાસ છે કે આનો ફટાફટ નિકાલ આવશે. સ્વચ્છતાને નુકસાનઃ જ્યાં ગંદુ પાણી જાય છે તે જગ્યા પર જૈન મંદિર આવેલું છે. અવારનવાર જૈન મુનિ પધારે છે, પરંતુ ગંદા પાણીના કારણે તેઓ ચાલી શકતા નથી અને તેમને ભારે તકલીફ પડે છે. આ જ રસ્તા પર આંગણવાડી છે, જ્યાં નાના બાળકોને ગંદા પાણીમાંથી પસાર થવું પડે છે. સાથે સરકારી સબ પોસ્ટ ઓફિસ પણ આવેલી છે, જ્યાં સરકારી અધિકારીઓ અને લોકોને પણ આ જ ગંદકીમાંથી નીકળવું પડે છે. સ્થાનિકોનો ભય છે કે આ ગંદા પાણીના કારણે રોગચાળો ફાટી નીકળવાની સંભાવના છે. જ્યારે કેન્દ્ર અને ગુજરાત સરકાર "સ્વચ્છ ભારત અભિયાન"ની વાત કરી રહી છે, ત્યારે સિંગવડ નગરમાં આ ઘણા સમયથી ગંદા પાણીનો પ્રશ્ન યથાવત છે. મણિનગરના લોકોની માંગ છે કે તંત્ર દ્વારા તાત્કાલિક પગલાં લઈને ગંદા પાણીની સમસ્યાનો કાયમી ઉકેલ લાવવામાં આવે અને સ્વચ્છતાના અભિયાનને સાર્થક કરવામાં આવે.

**સંતરામપુર તાલુકાના બે ભેજાબાજો દ્વારા મોટી ઠગાઇ**

## સુખસર તાલુકામાં ખેડૂતોના ટ્રેક્ટરો ભાડા કરારથી લઈ છેતરપિંડી કરાઇ

**150 ઉપરાંત ટ્રેક્ટરોના ભાડા નહીં ચૂકવી ટ્રેક્ટરો ગુમ કર્યા હોવાની કેફિયત**

(પ્રતિનિધિ) સુખસર,તા.17

સંતરામપુર તાલુકાના બે ભેજાબાજો ગત પાંચેક માસ અગાઉ સુખસર તાલુકાના ખેડૂતો પાસે જઈ જણાવતા હતા કે,અમો કોન્ટ્રાક્ટરનું કામ કરીએ છીએ.અને અમારે ટ્રેક્ટરોની જરૂરત છે.અને અમારે ભાડે ટ્રેક્ટર જોઈએ છે.તેમ જણાવી માસિક રૂપિયા 20,000 ના ભાડા કરારથી અનેક ખેડૂત લોકોને વિશ્વાસમાં લઈ ટ્રેક્ટરો ભાડા કરારથી લઈ ગયેલ.તેમજ ટ્રેક્ટર સાથે ટોલી ભાડે આપે તો તેનું પાંચ હજાર રૂપિયા વધુ ભાડું આપવા જણાવેલ.અને આ ભાડું દર માસે આપવાનું જણાવેલ. જેમાં સુખસર તાલુકાના આશરે 25 જેટલા જ્યારે સંજેલી સંતરામપુર તાલુકાના તેમજ અન્ય તાલુકાઓમાંથી મળી કુલ દોઢસો ઉપરાંત ટ્રેક્ટરો સંતરામપુર તાલુકાના આ બે ભેજાબાજો ટ્રેક્ટરો લઈ ગયેલા. ત્યારબાદ ટ્રેક્ટર માલિકોને ભાડાની ચુકવણી કરેલ નહીં. જ્યારે જે-તે ટ્રેક્ટર માલિકો પોતાનું ટ્રેક્ટર ક્યાં છે નું પૂછતા હાલ ટ્રેક્ટર બહાર છે અને એકાદ બે દિવસમાં આવી જશે તેવા આશ્વાસનો આપી ટ્રેક્ટરો બાબતે તેઓ યોગ્ય જવાબ પણ આપતા ન હોય ટ્રેક્ટર માલિકોને શક જતાં અને આ ભેજાબાજોની તપાસ કરતા તેઓ રૂબરૂ મળી આવતા ન હતા.જ્યારે કોઈ ટ્રેક્ટર માલિક તેઓના ઘરે જાય તો આ ભેજાબાજો ટ્રેક્ટર માલિકોને મોટા ગુનામાં સંડોવી દેવાની ધમકી આપતા રહેતા હતા. જેથી ટ્રેક્ટર માલિકોને આ ભેજાબાજોની ચાલની જાણ થતા સંતરામપુર,સંજેલી તથા સુખસર પોલીસ સ્ટેશનમાં ટ્રેક્ટર માલિકોએ લેખિત ફરિયાદો આપી હતી.જોકે કેટલાક ખેડૂતોએ શોરૂમમાંથી નવા ટ્રેક્ટરો ઉતારી બારોબાર આ ભેજા બાજો ને હવાલે કરેલ હોવાનું જાણવા મળે છે.

## RE-NEET (UG) પરીક્ષાના સુચારુ સંચાલન માટે જાહેરનામુ

(પ્રતિનિધિ) ગોધરા, તા.18

પંચમહાલ જિલ્લામાં આગામી તા.૨૧/૦૬/૨૦૨૬ ને રવિવારના રોજ RE-NEET (UG) પરીક્ષા-૨૦૨૬ યોજાનાર છે. આ પરીક્ષા શાંતિપૂર્ણ, નિષ્પક્ષ અને ખલેલ વગરના વાતાવરણમાં પાર પડે તેમજ કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તે માટે અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ જે.જે. પટેલ દ્વારા જાહેરનામુ બહાર પાડવામાં આવ્યુ છે.જે અન્વયે તા.૨૧/૦૬/૨૦૨૬ ના રોજ સવારના ૧૦:૦૦ કલાકથી સાંજના ૧૮:૦૦ કલાક સુધી જિલ્લાના નિયત પરીક્ષા કેન્દ્રોની આસપાસ પ્રતિબંધાત્મક આદેશો લાગુ રહેશે. જે અન્વયે પરીક્ષા કેન્દ્રોની ચારેય દિશાના ૧૦૦ મીટરના વિસ્તારમાં પરીક્ષાર્થીઓ અને ફરજ પરના અધિકૃત સ્ટાફ સિવાય અન્ય કોઈ બિનઅધિકૃત વ્યક્તિઓની અવર-જવર પર સદંતર પ્રતિબંધ રહેશે. પરીક્ષા કેન્દ્રમાં મોબાઈલ ફોન, પેજર, કેમેરા, લેપટોપ, કમ્પ્યુટર કે કેલ્ક્યુલેટર જેવા ઈલેક્ટ્રોનિક ઉપકરણો તેમજ પુસ્તકો, કાપલીઓ કે ઝેરોક્ષ નકલો લઈ જવા પર મનાઈ છે. (રાષ્ટ્રીય પરીક્ષા એજન્સી દ્વારા અધિકૃત સાદા કેલ્ક્યુલેટર સિવાય) .પરીક્ષામાં ગેરરીતિ અટકાવવાના હેતુથી પરીક્ષા કેન્દ્રોની આસપાસના વિસ્તારમાં આવેલા તમામ ઝેરોક્ષ કોપીઅર અને ફેક્સ મશીન સંચાલકોએ પરીક્ષાના સમયે (સવારે ૧૦:૦૦ થી સાંજના ૧૮:૦૦ સુધી) મશીનો સદંતર બંધ રાખવાના રહેશે. પરીક્ષાર્થીઓને કોઈ ખલેલ ન પહોંચે તે માટે પરીક્ષા કેન્દ્રોની આસપાસના ૨૦૦ મીટરની ત્રિજ્યામાં લાઉડસ્પીકર, ભૂંગળા, બેન્ડવાજા, રેડિયો કે ઘોંઘાટ કરતા અન્ય ઓડિયો પ્લેયર્સ વગાડવા પર સદંતર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે.

**પૂર પરિસ્થિતિ અને આપત્તિ વ્યવસ્થાપન માટે તંત્ર સજ્જ બન્યુ**

## શહેરાના સીમલેટ બેટ SDRF અને સ્થાનિક તંત્ર દ્વારા સંયુક્ત મોકડ્રિલ



(પ્રતિનિધિ) ગોધરા, તા.17

ચોમાસાની ઋતુ દરમિયાન સંભવિત પૂરની પરિસ્થિતિને પહોંચી વળવા અને જનજીવનની સુરક્ષા સુનિશ્ચિત કરવાના હેતુથી શહેરા વહીવટી તંત્ર દ્વારા આજે આપત્તિ વ્યવસ્થાપન કવાયત હાથ ધરવામાં આવી હતી. પંચમહાલ જિલ્લાના શહેરા તાલુકા સ્થિત મહેલાણ ગામના સીમલેટ બેટ ખાતે પૂર દરમિયાન શોધ-બચાવ અને સુરક્ષિત સ્થળાંતરની કામગીરી અંગે સંયુક્ત મોકડ્રિલનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ મોકડ્રિલનો મુખ્ય ઉદ્દેશ્ય કુદરતી આપત્તિ સમયે વિવિધ વિભાગો વચ્ચે આંતર-સંકલન સુદ્રઢ બનાવવાનો અને કટોકટીના સમયે ત્વરિત પ્રતિભાવ આપી કિંમતી માનવ જિંદગીઓ બચાવવાનો છે. આ કવાયત અંતર્ગત એસ.ડી. આર.એફ. ગ્રુપ-૦૫ ની ટીમ કંપનીના કમાન્ડન્ટના સંયુક્ત સહયોગથી સમગ્ર કામગીરીનું આયોજનબદ્ધ સંચાલન કરવામાં આવ્યું હતું.

ત્યારબાદ બપોરે વાસ્તવિક પૂર જેવી સ્થિતિનું નિર્માણ કરીને પ્રત્યક્ષ મોકડ્રિલ શરૂ કરવામાં આવી હતી.

આ મોકડ્રિલ દરમિયાન SDRF ની નિષ્ણાત ટીમ દ્વારા પૂરના પાણીમાં ફસાયેલા લોકોને આધુનિક બોટ અને લાઈફ જેકેટની મદદથી સુરક્ષિત રીતે બહાર કાઢવાની લાઈવ કામગીરી દર્શાવવામાં આવી હતી.

## રણધિકપુર મુખ્ય પ્રાથમિક શાળામાં આરોગ્ય શિબીર યોજાઇ



(પ્રતિનિધિ) સિંગવડ, તા.18

રણધીપુર મુખ્ય પ્રાથમિક શાળા ખાતે હોમિયોપેથિક દવાખાનુ રણધીપુર દ્વારા યોગા ફોર હેલ્થી એજિંગ શિબિરનું આયોજન કરવામાં આવ્યું નિયામક આયુષની કચેરી ગાંધીનગર અને દાહોદ જિલ્લા આયુર્વેદ અધિકારી સુધીર જોશી ના માર્ગદર્શન હેઠળ સરકારી હોમિયોપેથીક દવાખાનું રણધીકપુર ના મેડિકલ ઓફિસર ડૉ. ઉમેશ શાહ ,યોગ ઈન્સ્ટ્રક્ટર નિલેશ પટેલ, મુખ્ય શિક્ષક અર્ચનાબેન શાહ , તમામ સ્ટાફ તથા વિદ્યાર્થીઓ દ્વારા આંતરરાષ્ટ્રીય યોગ દિવસ ની થીમ -Yoga for Healthy ageing( યોગા ફોર હેલ્થી એજિંગ )અનુરૂપ ઉજવણીની તા.17/6/26 ના રોજ મુખ્ય પ્રાથમિક શાળા રણધીકપુર ખાતે યોગ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતુ.

## ખાવડામાં પાંચ મહિનામાં પૂર્ણ કર્યું ભારતના સૌથી મોટા ઊર્જા સંગ્રહ પ્રોજેક્ટ પૈકીનું એક

(પ્રતિનિધિ) વડોદરા, તા.2

કાબરા એક્સ્ટ્રુઝનટેકનિક લિમિટેડના ફ્યુચર ટેક્નોલોજીઝ વિભાગ જિઓન (GEON)એ ગુજરાતના ખાવડામાં 2.88 GWh ક્ષમતાવાળી બેટરી એનર્જી સ્ટોરેજ સિસ્ટમ (BESS)નું એકીકરણ અને કમિશનિંગ સફળતાપૂર્વક પૂર્ણ કર્યું છે. માત્ર પાંચ મહિનામાં પૂર્ણ થયેલો આ પ્રોજેક્ટ દેશના સૌથી મોટા યુટિલિટી-સ્કેલ BESS પ્રોજેક્ટ પૈકીનો એક ગણાય છે અને હવે સંપૂર્ણ વ્યાવસાયિક કામગીરી માટે તૈયાર છે. ખાવડા ખાતે વિકસતા નવીનીકરણીય ઊર્જા હબનો આ મહત્વપૂર્ણ ભાગ છે. જિઓને સિસ્ટમ ઈન્ટિગ્રેશન, પરીક્ષણ અને કમિશનિંગ ઉપરાંત પાવર કન્ડિશનિંગ સિસ્ટમ્સ, ટ્રાન્સફોર્મર્સ અને અદ્યતન એનર્જી મેનેજમેન્ટ સિસ્ટમ્સનું એકીકરણ કર્યું છે.

## પંચમહાલમાં ૨૩ થી ૨૫ જૂન સુધી કન્યા કેળવણી મહોત્સવ યોજાશે

(પ્રતિનિધિ) ગોધરા, તા.18

પંચમહાલ જિલ્લામાં વર્ષ ૨૦૨૬-૨૭ ના શૈક્ષણિક સત્ર માટે ગ્રામ્ય અને શહેરી વિસ્તારનો સંયુક્ત કન્યા કેળવણી મહોત્સવ અને પ્રગતિનો શાળા પ્રવેશોત્સવ આગામી તારીખ ૨૩, ૨૪ અને ૨૫ જૂન દરમિયાન યોજાનાર છે. આ સંદર્ભે જિલ્લા કલેક્ટર અજય દહિયાના અધ્યક્ષ પદે કલેક્ટર કચેરીના સભાખંડ ખાતે અમલીકરણ સમિતિની એક મહત્વની સમીક્ષા બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં જિલ્લા કલેક્ટર અજય દહિયાએ ઉપસ્થિત તમામ વિભાગના અધિકારીઓને પ્રવેશોત્સવની કામગીરી અંગે માર્ગદર્શક સૂચનો આપતાં જણાવ્યું હતું કે, જિલ્લામાં એક પણ બાળક શાળા પ્રવેશથી વંચિત ન રહે અને શત-પ્રતિશત નામાંકન થાય તે દિશામાં ટીમવર્કથી કામગીરી કરવાની રહેશે.

ખાસ કરીને જે વિસ્તારોમાં દીકરીઓનું નામાંકન ઓછું હોય, તેવા વિસ્તારોને અલગ તારવી ત્યાં સઘન પ્રયાસો હાથ ધરવા તેમણે તાકીદ કરી હતી. કલેક્ટરે સ્પષ્ટ સૂચના આપી છે કે કાર્યક્રમમાં મહાનુભાવોનું સ્વાગત ફૂલ-હારને બદલે બાળકો દ્વારા પુસ્તક આપીને કરવામાં આવે.આ ઉપરાંત તેમણે ઉમેરતા જણાવ્યું કે,જે શાળાઓનો રૂટ આયોજનમાં સમાવેશ ન થયો હોય, તેવી શાળાઓમાં પણ આ જ દિવસો દરમિયાન એસ.એમ.સી. મારફત પ્રવેશોત્સવની ઉજવણી કરવામાં આવે તે સુનિશ્ચિત કરવામાં આવે. જિલ્લામાં પ્રવેશોત્સવના સુચારુ સંચાલન માટે ભૌગોલિક સ્થિતિ અને અંતરને ધ્યાનમાં રાખીને કુલ ૨૦૭ અંદાજીત રૂટ તૈયાર કરવામાં આવ્યા છે.

## કાલોલના ઘુસરમાં જન કલ્યાણ શિબિર યોજાઈ, સાંસદ-જીલ્લા પંચાયત પ્રમુખ -ધારાસભ્યના હસ્તે લાભાર્થીઓને સહાય વિતરણ



**કાલોલ :** વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં કેન્દ્ર સરકારના 'સેવા, સુશાસન અને ગરીબ કલ્યાણ'ના 12 વર્ષ પૂર્ણ થવાના અવસરે કાલોલ તાલુકાના ઘુસર ગામ ખાતે ભવ્ય જન કલ્યાણ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું જ્યાં આ શિબિરમાં સાંસદ રાજપાલસિંહ જાદવ અને જીલ્લા પંચાયત નવનિયુક્ત પ્રમુખ નીરજકુમાર પટેલ સાથે કાલોલ મતવિસ્તારના ધારાસભ્ય ફતેસિંહ ચૌહાણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. 'સરકાર તમારા દ્વારે'ના ઉમદા આશય સાથે યોજાયેલી આ શિબિરમાં ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે લાભાર્થીઓને વિવિધ સરકારી યોજનાઓના લાભોનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સાંસદ રાજપાલસિંહ જાદવે જણાવ્યું કે, "છેલ્લા 12 વર્ષમાં વડાપ્રધાન મોદીના નેતૃત્વમાં ગરીબ, ખેડૂત, મહિલા અને યુવાનોના કલ્યાણ માટે અનેક ઐતિહાસિક નિર્ણયો લેવાયા છે. આ શિબિરનો હેતુ છેવાડાના વ્યક્તિ સુધી યોજનાનો લાભ પહોંચાડવાનો છે

**વેજલપુર ગ્રામ પંચાયતમાં વિકાસ કાર્યોમાં વ્યાપક ભ્રષ્ટાચારની રાવ**

## ચમારવાસ ટેકરી પાસે નાળાના બાંધકામ અંગે તટસ્થ વિજિલન્સ તપાસની માગ

(પ્રતિનિધિ) કાલોલ, તા.17

પંચમહાલ જિલ્લાના કાલોલ તાલુકા હેઠળ આવતી વેજલપુર ગ્રામ પંચાયત વિસ્તારમાં સરકારી ગ્રાન્ટમાંથી થતા વિકાસ કાર્યોમાં મોટા પાયે આર્થિક ગેરરીતિઓ, ભ્રષ્ટાચાર અને સત્તાનો દુરુપયોગ થતો હોવાની ચોંકાવનારી ફરિયાદ સામે આવી છે. આ મામલે વેજલપુરના જાગૃત નાગરિક અલ્તાફહુસેન સિદ્દીક પાડવા દ્વારા જિલ્લા વિકાસ અધિકારી (DDO), ગોધરાને એક લેખિત રજૂઆત કરીને સમગ્ર મામલાની ઉચ્ચ કક્ષાની વિજિલન્સ તપાસ કરવાની માંગ કરવામાં આવી છે. અરજદારના જણાવ્યા અનુસાર,



વેજલપુર ગ્રામ પંચાયતની હદમાં હાલમાં સરકારી ગ્રાન્ટમાંથી વિવિધ વિકાસલક્ષી કામો ચાલી રહ્યા છે. ભ્રષ્ટાચારને તાત્કાલિક રોકવા અને સરકારી નાણાંનું ખોટું ચુકવણું અટકાવવા માટે સ્થાનિકો દ્વારા ઉગ્ર આક્રોશ વ્યક્ત કરવામાં આવ્યો છે. લેખિત ફરિયાદમાં ચોક્કસ પુરાવા સાથે જણાવવામાં આવ્યું છે કે ચમારવાસ ટેકરી પાસે નાળાનું બાંધકામઃ વેજલપુર ગામ ખાતે ઉર્દૂ સ્કૂલ પાસે આવેલ ચમારવાસ ટેકરી ઉપર તાજેતરમાં જ સરકારી ગ્રાન્ટમાંથી નાળાનું બાંધકામ કરવામાં આવ્યું છે.સ્થળ પર કરવામાં આવેલી પ્રાથમિક ચકાસણી દરમિયાન આ કામમાં ગંભીર પ્રકારની ટેકનિકલ ખામીઓ અને અત્યંત હલકી ગુણવત્તાનું બાંધકામ થયું હોવાનું બહાર આવ્યું છે. નાણાંની ઉચાપતની શંકાઃ સરકારી નિયમો અને મંજૂર થયેલા એસ્ટીમેટ મુજબ નાળાના બાંધકામ માટે જમીન લેવલથી યોગ્ય ઊંડાઈ સુધી ખોદકામ કરીને મજબૂત પાયો તૈયાર કરવો ફરજિયાત હોય છે. પરંતુ આ કામમાં જરૂરી ખોદકામ કરવામાં આવ્યું નથી. માત્ર ઉપરછલ્લું અને અધૂરું બાંધકામ કરીને કામ પૂર્ણ બતાવી દેવાયું છે. "નિયમ મુજબ મજબૂત પાયો બનાવ્યા વિના જ આખું માળખું ઊભું કરી દેવાયું છે, જેના કારણે સરકારી નાણાંની મોટી ઉચાપત થઈ હોવાની પ્રબળ શંકા છે.

## કંડાચ નજીકથી લાકડા ભરેલું ટ્રેક્ટર ઝડપી પાડ્યું

(પ્રતિનિધિ) કાલોલ, તા.17

કાલોલ તાલુકા વહીવટી તંત્ર દ્વારા ગેરકાયદેસર પ્રવૃત્તિઓ સામે કડક વલણ અપનાવવામાં આવી રહ્યું છે, જેના ભાગરૂપે કાલોલ મામલતદાર દ્વારા કંડાચ ગામ નજીકથી પાસ-પરમિટ વગર ગેરકાયદેસર રીતે લાકડા ભરીને જતું એક ટ્રેક્ટર ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

દરમિયાન કંડાચ ગામ નજીકથી એક લાકડા ભરેલું ટ્રેક્ટર પસાર થઈ રહ્યું હતું. શંકાસ્પદ જણાતા મામલતદારે તાત્કાલિક ટ્રેક્ટર ઊભું રખાવ્યું હતું અને ચાલક પાસે લાકડાના હેરફેર અંગેના જરૂરી આધાર-પુરાવા કે કોઈ પણ પ્રકારની માન્ય પાસ-પરમિટ મળી આવી નહોતી. ટ્રેક્ટરને તાત્કાલિક જપ્ત કરી કાલોલ મામલતદાર કચેરી ખાતે મોકલી આપવા આદેશ કર્યો હતો.

## દાહોદમાં આજે બે મહાન આચાર્ય ભગવંતોનું ઐતિહાસિક મિલન થયું

(પ્રતિનિધિ) દાહોદ, તા.17

દાહોદ શહેરમાં આજે જૈન સમાજના બે ગુરુ ભગવંતોનું ઐતિહાસિક મિલન સ્ટેશન રોડ જૈન નસીયાજીના પ્રાંગણમાં ખૂબ જ હરસોલાસભેર મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓની ઉપસ્થિતિમાં યોજાયું હતું પરમ પૂજ્ય પ્રાકૃત આચાર્ય ચતુર્થ પટ્ટાધીશ આચાર્ય શ્રી 108 સુનિલ સાગરજી મહારાજ અને પરમ પૂજ્ય અંતર્મના આચાર્ય પ્રસન્ન સાગરજી મહારાજ આજે સવારે પદયાત્રા વીહાર કરી અને શહેરના સ્ટેશન રોડ શેઠજીની નસીયાજી ખાતે પહોંચ્યા હતા અહીંયા સમાજ દ્વારા બનાવાયેલા સ્ટેજ ઉપર સવારના 7:30 કલાકે ખૂબ જ હરસોલાસભેર બંને ગુરુ ભગવંતોનું મિલન થયું હતું

બંને ગુરુ ભગવંતો એકબીજાને ગળે મળ્યા હતા ઐતિહાસિક પ્રસંગે વિવિધ વેશભૂષામાં સજ્જ લોકો અને બેન્ડ બાજા ના સથવારે એક અનન્ય વાતાવરણ ઉભુ થયું હતું બંને ગુરુ ભગવંતો ના મિલનની ક્ષણો કેટલાય લોકોએ પોતાના મોબાઈલમાં કેદ કરી હતી. આ પ્રસંગે શહેરના જૈન સમાજ સહિત મોટી સંખ્યામાં શહેરીજનો ઉપસ્થિત રહ્યા હતા બંને ગુરુ



ભગવંતો સહિત સંઘ અને શહેરીજનો કાઢવામાં આવેલી શોભાયાત્રામાં જોડાયા હતા. શોભાયાત્રા શહેરના રાજમાર્ગો ઉપર ફરી અને મહાવીર શેરી પુષ્પદંત નીલય પહોંચ્યા હતા અને અહીંયા ધાર્મિક કાર્યક્રમ યોજાયો હતો.